# -: પ્રેસનોટ :-

અમદાવાદ શહેરમાં ભારત સરકારના બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત ઇસનપુરથી વટવા જી.આઇ.ડી.સી. વચ્ચે આવતો પુનિતનગર રેલ્વે ક્રોસીંગ ઉપર અગાઉ બુલેટ ટ્રેનના પીલ્લર ઉભા કરવામાં આવેલ હતા. જે પીલ્લર ઉપર સેગમેન્ટ લગાવવાનું કામકાજ દિનેશચંદ્ર આર.અગ્રવાલ કંપની દ્વારા કરવામાં આવનાર છે. જે કામગીરી અનુસંધાને પુનિતનગર રેલ્વે ક્રોસીંગ **તા.૧૮/૧૦/૨૦૨૪ થી તા.૨૮/૧૦/૨૦૨૪ સુધીના સમયગાળા દરમિયાન બંધ** કરવામાં આવનાર છે.

સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

| **અ.નં.** | **વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ** | **વૈકલ્પિક માર્ગ** |
|---|---|---|
| ૧. | ઇસનપુર વટવા જી.આઇ.ડી.સી. વચ્ચે આવતો પુનિતનગર રેલ્વે ક્રોસીંગનો બન્ને તરફનો રસ્તો વાહન વ્યવહારની અવર-જવર માટે બંધ રહેશે. | **૧.** વટવા જી.આઇ.ડી.સી. તરફથી આવતો ટ્રાફિક બોમ્બે કંડકટર રોડ દેવીમાં ત્રણ રસ્તા થઇ જમણી બાજુ વળી જશોદાનગર પાર્ટી પ્લોટ ચાર રસ્તા (જુની રબારી વસાહત) થઇ ડાબી બાજુ વળી જશોદાનગર પાટીયા ત્રણ રસ્તા થઇ જશોદાનગર ફ્લાય ઓવરબ્રીજનો ઉપયોગ કરી હાટકેશ્વર તરફ જુદા જુદા માર્ગનો ઉપયોગ કરી અવર-જવર કરી શકાશે.<br>**૨.** જશોદાનગર પાટીયાથી આવતો ટ્રાફિક ડાબી બાજુ વળી બ્રીજની બાજુના સર્વિસ રોડનો ઉપયોગ કરી જશોદાનગર ચાર રસ્તા થઇ ઘોડાસર ચાર રસ્તા થઇ ડાબી બાજુ વળી સ્મૃતિ મંદીર પોલીસ ચોકી Rays Cricket Club ના સામેના ત્રણ રસ્તા થઇ પુનિતનગર તરફ અલગ અલગ માર્ગે અવર-જવર કરી શકાશે.<br>**૩.** વટવા,ઇસનપુર,દુર્ગાનગર તરફથી આવતો ટ્રાફિક જી.આઇ.ડી.સી. વટવા તરફ જવા માટે સદભાવના પોલીસ ચોકી થઇ નારોલ-વટવા ફ્લાય ઓવર બ્રીજનો ઉપયોગ કરી વટવા જી.આઇ.ડી.સી. તરફ અલગ-અલગ મુખ્ય માર્ગ તરફ જઇ શકશે. |

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

**તા.૧૪/૧૦/૨૦૨૪**

**( એન.એન.ચૌધરી )**
સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર